**મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આ. કૃ. યું. આણંદ દ્વારા ૧૫ ઓગસ્ટ ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આ. કૃ. યું. આણંદ દ્વારા માનનીય કુલપતિ શ્રી ડૉ. કે. બી. કથીરિયા ના માર્ગદર્શન હેઠળ "એક પેડ માં કે નામ" કાર્યક્રમ ઉજવાયો હતો. કાર્યક્રમ પ્રસંગે માનનીય કુલપતિ શ્રી આ. કૃ. યું. આણંદ ડૉ. કે. બી. કથીરિયા, સંશોધન નિયામકશ્રી ડૉ. એમ. કે. જાલા, હિસાબ નિયામકશ્રી આર. એચ. ગોંડલિયા, સહસંશોધન નિયામકશ્રી ડૉ. એસ. એન. શાહ, મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય સહિત સંશોધન કેન્દ્ર ના અન્ય કર્મચારીગણ પણ હજાર રહ્યા હતા. કેન્દ્રના વડા ધ્વારા સર્વે મહેમાનશ્રીઓ નું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સર્વે મહાનુભાવોએ સંશોધન કેન્દ્ર ના પરિષરમા રૂખડો, પારીજાત, આસોપાલવ, લીમડો, ટર્મેનેલિયા, વડ, પીપળ, સેવન, મહુડા સહિત ૫૦ જેટલા વૃક્ષો વાવવાંમાં આવ્યા હતા. ડૉ. એન. એ. પટેલ ધ્વારા પોલીહાઉસ માં ઉછેરેલ પ્લગ ટ્રે અને રેઈજ બેડ ધરૂવાડિયાની માહિતી આપેલ હતી. આ પ્રસંગે માનનીય કુલપતિ શ્રી ધ્વારા સંશોધન કેન્દ્ર માં ચાલતા નવીનતમ સંશોધન કર્યોની નોંધ પણ લેવામાં આવી હતી. કાર્યક્રમ ના અંતે ડૉ. એમ. એમ. પંડ્યા ધ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કેન્દ્ર ના સર્વે કર્મચારી અને શ્રમયોગી ગણ દ્વારા વૃક્ષારોપણ બાદ અલ્પાહાર લઈ કાર્યકર્મ ને પૂર્ણ કરેલ.








RESEARCH FARM
MAIN VEGETABLE RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND
શાકભાજી સંશોધન ફાર્મ
મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ